**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==============================================================

## ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે

## ક્રિમિનલ રિવિઝન એપ્લિકેશન નં. ૮૪૨/૨૦૧૬

**મંજૂરી અને સહી માટેઃ**

**માનનીય ન્યાયમૂર્તિ શ્રી ઝેડ.કે.સૈયદ**

==============================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક સમાચારપત્રોના રિપોર્ટરોને ચુકાદો જોવાની મંજૂરી આપી શકાય? | |
| ૨ | રિપોર્ટરને સોંપી શકાય કે નહીં? | |
| ૩ | શું ન્યાયમૂર્તિઓ ચુકાદાની અંતિમ નકલ જોવા માગે છે? | |
| ૪ | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈપણ આદેશ અંગે કાયદાના નોંધપાત્ર સવાલનો સમાવેશ થાય છે? | |

==============================================================

જોબદાસ સૂર્યનારાયણપ્રસાદ ગેહ્રુમ... અપીલકર્તા(ઓ)

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય અને ૧... સામાવાળા(ઓ)

==============================================================

ઉપસ્થિતિ:

અપીલકર્તા(ઓ) નં.૧ તરફે વકીલ શ્રી ઉમેશ એ. ત્રિવેદી

સામાવાળા(ઓ) નં.૨ તરફે વકીલ શ્રી સમીર અફઝલ ખાન

સામાવાળા(ઓ) નં.૧ તરફે પબ્લિક પ્રોસિક્યુટર શ્રી મિતેશ અમીન

==========================================================

કોરમઃ **માનનીય ન્યાયમૂર્તી શ્રી ઝેડ.કે.સૈયદ**

**તારીખ:૧૪ /૦૨/૨૦૧૭**

**CAV જજમેન્ટ**

૧. ધ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજરની કલમ ૪૦૧ સાથે વાંચતા કલમ ૩૯૭ હેઠળ દાખલ કરાયેલ હાલની ક્રિમિનલ રિવિઝન અરજી મારફતે, અરજદાર લર્નડ એડિશનલ સેશન્સ જજ અને સ્પેશિયલ જજ, સિટી સિવિલ કોર્ટ નં.૧૩, અમદાવાદ સિટી દ્વારા એ.સી.બી. સી.આર. નં.૧૮/૨૦૦૪/એ.સી.બી. સમરી કેસ નં.૨/૨૦૦૫ માં તારીખ ૧૨.૯.૨૦૧૬ ના રોજ પસાર કરવામાં આવેલ હુકમને પડકારે છે, જે દ્વારા લર્નડ સેશન્સ જજે “એ” સમરી રિપોર્ટ રદ કરેલ છે અને ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ, ૧૯૮૮ ની કલમ ૭, ૧૨, ૧૩(૧), (ડી), ૧, ૨, ૩ અને ૧૩(૨) હેઠળના ગુનાઓ માટે અરજદાર સામે સમન્સ ઈશ્યૂ કરીને તારીખ ૧૫.૧૦.૨૦૧૬ ના રોજ રજૂ થવા પાત્ર બનાવેલ છે.

૨. કેસની ટૂંકમાં વિગત એ છે કે હુસેન અર્ફે કાળિયા નૂરમિયાં શેખ નામના એક વ્યક્તિએ તારીખ ૪.૧૧.૨૦૦૪ ના રોજ આશરે બપોરે ૧:૩૦ વાગ્યે એ.સી.બી. પોલીસ સ્ટેશન, અમદાવાદ ખાતે મણિનગર પોલીસ સ્ટેશનના તત્કાલીન અનામદ પોલીસ કોન્સ્ટેબલ સચિન મુળજીભાઈ પટેલ નામના વ્યક્તિ સામે ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની કલમ ૭, ૧૨, ૧૩(૧), (ડી), ૧, ૨, ૩

અને ૧૩(૨) હેઠળ સી.આર. I નં.૧૮/૨૦૦૪ થી એક ફરિયાદ નોંધાવેલ, જેમાં એવું જણાવવામાં આવેલ છે કે તારીખ ૨૬/૨૭.૧૦.૨૦૦૪ ના રોજ આશરે રાત્રે ૯:૩૦ – ૧૦:૦૦ વાગ્યે જ્યારે તેમનો પિતરાઈ ભાઈ બશીર શેખ પોતાની હોટેલ પર બેઠો હતો, ત્યારે એફ.આઈ.આર.માં નામ જોગ દર્શાવેલ આરોપી એટલે કે સચિન પટેલ ત્યાં આવ્યો અને સદર બશીર શેખને બે લાફા માર્યા. સદર આરોપી સદર બશીર સાથે ફરિયાદીને પણ લઈ ગયો અને તે સમયે, ફરિયાદીએ આરોપીને પૂછ્યું કે તેના પિતરાઈ ભાઈને કેમ મારવામાં આવ્યો, જેના જવાબમાં આરોપીએ કહ્યું કે થોડા દિવસો પછી ફરિયાદીનો વારો આવશે અને ત્યારબાદ, આરોપી આ બંને વ્યક્તિઓને લઈ ગયો. ફરિયાદ મુજબ, ફરિયાદીને જાણવા મળ્યું કે તેના પિતરાઈ ભાઈ બશીરની ધરપકડ કરવામાં આવી છે અને શાહ આલમ પોલીસ ચોકી દ્વારા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૨૨ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. તારીખ ૨૯.૧૦.૨૦૦૪ ના રોજ, આશરે રાત્રે ૧૦:૦૦ વાગ્યે, સચિન પટેલ નામના સદર આરોપી ફરિયાદીને મળ્યો અને ફરિયાદી સાથે વાતચીત કરી અને તે સમયે, આરોપીએ કોઈની સાથે વાત કરી અને ત્યારબાદ, અરજદાર જે પી.એસ.આઈ. છે તેઓ દિલાવરસિંહ નામના એક પોલીસમેન સાથે ત્યાં આવ્યા અને ફરિયાદીને શાહ આલમ પોલીસ ચોકી ખાતે લઈ જવામાં આવ્યો. અરજદારે ફરિયાદીને જાણ કરી કે તેને રામબાગ પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ. શ્રી પાઠક સમક્ષ રજૂ કરવાનો હતો અને અરજદાર ફરિયાદીને માર મારી રહ્યો હતો. તેથી, ફરિયાદીએ અરજદારને પૂછ્યું કે તેનો શો વાંક છે. જેના પર અરજદારે ફરિયાદીને

કહ્યું કે "તું રોડ સાઈડ રોમિયો છે, રેપ કરે છે અને તારા નામનો ત્રાસ છે". ત્યારબાદ, ફરિયાદીને રામબાગ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો અને પછી તેને શાહ આલમ પોલીસ ચોકી લઈ જવામાં આવ્યો અને ફરિયાદીને માર માર્યો. ફરિયાદમાં એવું જણાવેલ છે કે અરજદાર અને સદર સચિન પટેલે ફરિયાદીને ગાળો આપી અને તેની હોટેલ બંધ કરાવી દેવાની ધમકી આપી. ફરિયાદમાં એવું વર્ણવવામાં આવેલ છે કે ત્યારબાદ, મયૂર અર્ફે રાજુ નામના વ્યક્તિ હોટેલ પર પહોંચ્યા, જ્યાં અરજદાર અને સદર સચિન પટેલ હાજર જ હતા અને તેમણે ફરિયાદીને છોડી મૂકવા વિનંતી કરી. જેના પર અરજદારે તેને ફરિયાદીને માર ન મારવા માટે અને તેની હોટેલ ચાલુ રાખવા માટે કંઈક વ્યવસ્થા કરવા જણાવ્યું. તેથી, ફરિયાદીએ વિનંતી કરી કે તે ગરીબ માણસ છે અને તેને હેરાન કરવામાં ન આવે. તે સમયે, સદર સચિન પટેલે વચમાં પડીને તે માટે રૂ.૫૦૦૦/- ની માંગણી કરી નહિતર, તેને હોટેલ પર નગ્ન હાલતમાં માર મારવામાં આવશે અને સમાજમાં તેની ઈજ્જત જતી રહેશે. તેથી, આવા ડર હેઠળ, સદર મયૂરભાઈએ ટૂંક સમયમાં વ્યવસ્થા કરી અને તેમણે આરોપી સચિન પટેલને રૂ.૨૦૦૦/- સોંપ્યા, જેમણે બદલામાં સદર રકમ હાલના અરજદારને સોંપી દીધી. ત્યારબાદ, આરોપી સચિન પટેલે બાકીના રૂ.૩૦૦૦/- વિશે પૂછ્યું, જેના જવાબમાં ફરિયાદીએ જણાવ્યું કે પવિત્ર મહિના "રમઝાન" ચાલી રહ્યો હોવાથી, તે આગામી ગુરુવારે એટલે કે તારીખ ૪.૧૧.૨૦૦૪ ના રોજ સાંજે રૂ.૧૫૦૦/- આપશે અને બીજા રૂ.૧૫૦૦/- રવિવારે આપવામાં આવશે. ફરિયાદમાં એવું

પણ જણાવવામાં આવેલ છે કે તારીખ ૨૯.૧૦.૨૦૦૪ ના રોજ, અરજદારે ફરિયાદી સામે કલમ ૧૫૧ હેઠળ કેસ દાખલ કર્યો અને લોકઅપમાં પૂરી દીધો અને બીજા દિવસે એટલે કે તારીખ ૩૦.૧૦.૨૦૦૪ ના રોજ, તેને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તેને જામીન પર મુક્ત કરવામાં આવ્યો.

અરજદાર આરોપી અને અન્ય આરોપી સચિન પટેલે પહેલાથી જ રૂ.૨૦૦૦/– એકત્રિત કરી લીધા હતા અને બાકીના રૂ.૩૦૦૦/– માંથી રૂ.૧૫૦૦/– તારીખ ૧૪.૧૧.૨૦૦૪ ના રોજ હોટેલ પરથી એકત્રિત કરવાના હતા, જે અરજદાર વતી આરોપી સચિન પટેલ મેળવવાનો હતો. તેથી, એ.સી.બી. ઓફિસ સમક્ષ આરોપીઓ સામે ફરિયાદ નોંધવામાં આવી. સદર એફ.આઈ.આર. ના અનુસંધાનમાં, એક ટ્રેપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સદર આરોપી એટલે કે સચિન પટેલ રૂ.૧૫૦૦/– સાથે પકડાઈ ગયો હતો અને વિસ્તૃત પંચનામું કરવામાં આવ્યું હતું. ઊંડાણપૂર્વક તપાસ કર્યા પછી, તપાસના કાગળો વિચારણા અને મંજૂરી માટે ડિરેક્ટર, એ.સી.બી., અમદાવાદ સિટી સમક્ષ મૂકવામાં આવ્યા હતા. તપાસના કાગળો પર વિગતવાર વિચારણા કર્યા પછી, તપાસ અમલદારને પત્ર નં. અમદાવાદ સિટી/એસીબી/પોલીસ સ્ટેશન/ સી.આર. નં.I–૧૮/૨૦૦૪/૫૨૭/૨૦૦૫ તારીખ ૨૩.૫.૨૦૦૫ થી જાણ કરવામાં આવી હતી કે આરોપી સામે આગળ વધવા માટે પુરાવા અપર્યાપ્ત હોવાથી "એ" સમરી રિપોર્ટ રજૂ કરવો. સદર મંજૂરીના અનુસંધાનમાં, તપાસ

કરતી સત્તાધિકારીએ ધ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજરની કલમ ૧૭૩ હેઠળ આખરી રિપોર્ટ રજૂ કર્યો અને કેસમાં “એ” સમરી મંજૂર કરવા માટે વિનંતી કરી. ત્યારબાદ, લર્નેડ સ્પેશિયલ જજે તારીખ ૧૮.૬.૨૦૦૫ નો “એ” સમરી રિપોર્ટ સ્વીકાર્યો. “એ” સમરી રિપોર્ટ સ્વીકારવાના હુકમ સામે, ફરિયાદીએ આરોપી સચિન પટેલ સામે ક્રિમિનલ રિવિઝન અરજી નં.૪૧૭/૨૦૦૬ દાખલ કરી. નોંધનીય છે કે સદર રિવિઝન અરજીમાં હાલના અરજદારને ક્યારેય પક્ષકાર તરીકે જોડવામાં આવ્યા ન હતા, જોકે એફ.આઈ.આર.માં ફરિયાદીએ દાવો કર્યો હતો કે નામ જોગ દર્શાવેલ આરોપીએ અરજદાર વતી સદર રકમ સ્વીકારી હતી. તેથી, “એ” સમરી રિપોર્ટ સ્વીકારવાને પડકારતી ફરિયાદી દ્વારા દાખલ કરવામાં આવેલ રિવિઝન અરજીની આવી કાર્યવાહી વિશે અરજદાર જાણતા ન હતા અને અચાનક, જ્યારે અદાલત દ્વારા પ્રોસેસ ઈશ્યૂ કરવા અને સંજ્ઞાન લેવા અંગે વર્તમાનપત્રમાં સમાચાર પ્રકાશિત થયા, ત્યારે અરજદારને તે વિશે જાણ થઈ. આમ, અરજદારે અદાલતમાંથી જરૂરી દસ્તાવેજો મેળવ્યા જ્યાં તેમને માલૂમ પડ્યું કે રિવિઝન અરજીમાં તેમને સામાવાળા પક્ષકાર બનાવ્યા વિના, ફરિયાદીએ અરજદાર સામે હુકમ મેળવી લીધો છે. ત્યારબાદ, આ અદાલતે ક્રિમિનલ રિવિઝન અરજી નં.૪૧૭/૨૦૦૬ માં તારીખ ૧૭.૮.૨૦૧૧ ના રોજ હુકમ પસાર કર્યો અને “એ” સમરી રિપોર્ટ સ્વીકારતા હુકમને રદ અને સેટ એસાઇડ કર્યો અને તપાસ અમલદાર દ્વારા રજૂ કરવામાં આવેલ રિપોર્ટ પર નવેસરથી નિર્ણય કરવા માટે કેસ ટ્રાયલ કોર્ટને રિમાન્ડ બેક કર્યો.

૩. લર્નેડ એડિશનલ સેશન્સ અને સ્પેશિયલ જજ, અમદાવાદે, તારીખ ૧૨.૯.૨૦૧૬ ના હુકમ દ્વારા, આરોપી સામે આગળ વધવા માટે પુરાવા અપર્યાપ્ત હોવાથી "એ" સમરી મેળવવા માટે તપાસ અમલદારે તારવેલા નિષ્કર્ષને ફગાવી દીધો અને ઉપર જણાવ્યા મુજબ એફ.આઈ.આર. માં નામ જોગ દર્શાવેલ આરોપી સામે પ્રોસેસ ઇશ્યૂ કરવાનો હુકમ કર્યો. ઉપરોક્ત બાબતને ધ્યાનમાં રાખીને, અરજદાર સામે પ્રોસેસ ઇશ્યૂ કરતા તારીખ ૧૨.૯.૨૦૧૬ ના હુકમને રદ અને સેટ એસાઇડ કરવાની માંગણી કરતી દિશા નિર્દેશો મેળવવા માટે અરજદાર આ અદાલતનો સંપર્ક કરવા મજબૂર બન્યા છે.

૪. આ અદાલતની કોઓર્ડિનેટ બેન્ચે તારીખ ૧૩.૧૦.૨૦૧૬ ના રોજ રૂલ ઇશ્યૂ કરતી વખતે, તેને તારીખ ૧૫.૧૨.૨૦૧૬ ના રોજ રજૂ થવા પાત્ર બનાવીને, પેરા ૧૦(સી) ના સંદર્ભમાં વચગાળાની રાહત મંજૂર કરી હતી.

૫. અરજદાર તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન એડવોકેટ શ્રી ઉમેશ ત્રિવેદીએ જણાવ્યું કે તપાસ અમલદારે આ કેસમાં જજ તરીકે કામ કર્યું છે અને તેઓ ગુનાની તપાસમાં કોઈ પણ સામગ્રીની ઉપેક્ષા કરી શકે નહીં. તેમણે રજૂઆત કરી કે તપાસ અમલદારે આરોપી દ્વારા આચરવામાં આવેલ કોઈ પણ ગુના વિશે

સ્પષ્ટ અભિપ્રાય આપ્યો છે અને તેઓ આરોપી / સૂચિત આરોપીની પૂછપરછ પછી પહોંચેલા નિષ્કર્ષની ઉપેક્ષા કરી શકે નહીં. પોલીસ મેન્યુઅલ મુજબ, તપાસ અમલદાર સૂચિત આરોપી દ્વારા લેવાયેલા બચાવને ધ્યાનમાં લેવા બંધાયેલા છે અને તપાસ દરમિયાન સદર બચાવની તપાસ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. તેમણે એવું પણ રજૂઆત કરી કે ઉદાહરણ તરીકે, જો તપાસ દરમિયાન, આરોપી સમકાલીન રેકોર્ડ સાથે અલીબાઈનો (અન્યત્ર હાજરીનો) કોઈ બચાવ લે છે, તો તપાસ અમલદાર આંખો બંધ કરી શકે નહીં અને તેની તપાસ કરવી પડશે અને તાર્કિક નિષ્કર્ષ પર પહોંચવું પડશે અને જો એવું માલૂમ પડે કે તપાસ દરમિયાન આરોપી દ્વારા લેવાયેલ અલીબાઈનો બચાવ સાચો અને યોગ્ય જણાય છે, તો તેને સૂચિત આરોપીને દોષમુક્ત કરવા અને ધ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજરની કલમ ૧૬૯ હેઠળ કોઈ પણ સમરી અથવા રિપોર્ટ પણ રજૂ કરવાથી કોઈ રોકી શકતું નથી. તેમણે એવું પણ રજૂઆત કરી કે જો એફ.આઈ.આર. માં કરવામાં આવેલા આક્ષેપોને સાચા માનવામાં આવે, તો અરજદારના સ્થાને કોઈ પણ વ્યક્તિએ ગુનો કર્યો હોવાનું દર્શાવી શકાય છે. તેમણે એવું પણ રજૂઆત કરી કે આરોપી સામેના આક્ષેપો કોઈ પણ સમર્થન આપતા પુરાવા અથવા સામગ્રી વિનાના છે, કોઈ પણ આરોપી સામે કાર્યવાહી કરી શકાય નહીં. તેમણે એવું પણ રજૂઆત કરી કે આ અદાલતે નવેસરથી નિર્ણય માટે કેસ રિમાન્ડ કર્યો તેનો અર્થ એ નથી કે સમરી સ્વીકારતા અગાઉના હુકમને રદ કરવો પડશે અને અલગ નિષ્કર્ષ પર પહોંચવું પડશે. તેમણે એવું પણ

રજૂઆત કરી કે અરજદાર પાસે પ્રથમ બાતમીદાર જેવા અપ્રમાણિક વ્યક્તિના હાથે બિનજરૂરી કે અયોગ્ય પ્રોસિક્યુશનનો સામનો ન કરવાનો ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧ હેઠળનો મૂળભૂત અધિકાર છે. તેમણે વધુમાં રજૂઆત કરી કે ફરિયાદી નામચીન ગુનેગાર (હિસ્ટ્રી–શીટર) છે અને તેની સામે અનેક કેસો દાખલ થયેલા છે. તેમણે એવું પણ રજૂઆત કરી કે તારીખ ૨૩.૫.૨૦૦૫ ના રિપોર્ટ પરથી સ્પષ્ટ થાય છે કે અરજદાર સામે કોઈ પ્રાથમિક દર્શનીય કેસ અસ્તિત્વમાં નથી કે જે તેની સામે પ્રોસેસ ઇશ્યૂ કરવાની પણ જરૂરિયાત ઊભી કરે. તેમણે એવું પણ રજૂઆત કરી કે તપાસ અમલદાર દ્વારા રજૂ કરાયેલ આખરી રિપોર્ટને ફગાવી દેતી વખતે અને પ્રોસેસ ઇશ્યૂ કરતી વખતે એટલે કે સંજ્ઞાન લેતી વખતે, લર્નડ ટ્રાયલ જજે એ હકીકત દ્રષ્ટિબહાર કરી છે કે જાહેર સેવક સામે કાર્યવાહી કરતા પહેલાં ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ હેઠળ જોગવાઈ કર્યા મુજબ માન્ય મંજૂરી વિના હાલના કેસમાં સંજ્ઞાન લેવા પર કાયદામાં સ્પષ્ટ મનાઈ છે. માન્ય મંજૂરીના અભાવે, અરજદાર સામે કોઈ પ્રોસેસ ઇશ્યૂ કરી શકાઈ ન હોત. તેમણે એવું પણ રજૂઆત કરી કે ફોજદારી કેસમાં આરોપીનું સમન્સ એ વિવિધ કેસોમાં નક્કી થયા મુજબ ગંભીર બાબત છે અને ફોજદારી કાયદાને સામાન્ય કે દિનચર્યાના ભાગરૂપે ગતિમાં લાવી શકાય નહીં.

૬. અરજદાર માટેના વિદ્વાન એડવોકેટ શ્રી ઉમેશ ત્રિવેદીએ ૨૦૧૬(૩) જી.એલ.આર. ૨૨૩૭ માં રિપોર્ટ થયેલ ગૌરીશંકર પુરુષોત્તમદાસ જોશી વિ. સ્ટેટ

ઓફ ગુજરાતના કેસમાં આ અદાલતના નિર્ણય પર આધાર રાખ્યો હતો અને રજૂઆત કરી હતી કે મંજૂરીના અભાવે, અદાલતને ગુનાનું સંજ્ઞાન લેવાની કોઈ હકુમત નથી અને તેથી, મંજૂરી વિનાની ટ્રાયલ કાર્યવાહીને શરૂઆતથી જ રદબાતલ (એબ ઈનિશિયો વોઈડ) બનાવે છે.

૭. વિદ્વાન એડવોકેટે ૨૦૦૧(૩) જી.એલ.એચ. ૪૮૨ માં રિપોર્ટ થયેલ મનોજભાઈ ભગવાનદાસ શાહ વિ. સ્ટેટ ઓફ ગુજરાત અને અન્યના કેસમાં બીજા નિર્ણય પર વધુ આધાર રાખ્યો હતો, જેમાં આ અદાલતે અવલોકન કર્યું છે કે સંજ્ઞાન લેતો અને સમન્સ ઈશ્યૂ કરતો હુકમ હકુમત વિનાનો અને ખામીયુક્ત હતો કારણ કે સદર અધિનિયમની કલમ ૧૯ હેઠળ સક્ષમ સત્તાધિકારી દ્વારા રેકોર્ડ પર આપેલી કોઈ મંજૂરી ન હતી. તેથી, તેમણે રજૂઆત કરી કે કોઈ પણ યોગ્ય અને માન્ય મંજૂરી વિના, સમન્સ ઈશ્યૂ કરવું હકુમત વિનાનું છે અને કાયદાની દ્રષ્ટિએ ખામીયુક્ત છે.

૮. અરજદાર માટેના વિદ્વાન એડવોકેટ શ્રી ઉમેશ ત્રિવેદીએ એલ. નારાયણ સ્વામી વિ. સ્ટેટ ઓફ કર્ણાટકના કેસ પર આધાર રાખ્યો હતો અને રજૂઆત કરી હતી કે જાહેર સેવક હોય તેવા આરોપી સામે પ્રોસિક્યુશન કરવા માટે, ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની કલમ ૧૯ હેઠળ મંજૂરી આવશ્યક હોવી જોઈએ

અને આવી મંજૂરીના અભાવે અને માન્ય મંજૂરીના અભાવે, લર્નેડ ટ્રાયલ જજ આરોપી સામે સમન્સ ઇશ્યૂ કરી શકે નહીં.

૯. અરજદાર માટેના વિદ્વાન એડવોકેટ શ્રી ઉમેશ ત્રિવેદીએ એ.આઈ.આર. ૨૦૧૪ એસ.સી. (સપ્લી) ૧૮૦૧ માં રિપોર્ટ થયેલ અનિલ કુમાર અને અન્ય વિ. એમ.કે. અય્યપ્પા અને અન્યના કેસ પર વધુ આધાર રાખ્યો હતો અને રજૂઆત કરી હતી કે જાહેર સેવક સામે ભ્રષ્ટાચારની ફરિયાદમાં, અદાલત સક્ષમ સત્તાધિકારી પાસેથી માન્ય મંજૂરી વિના આરોપી સામે કાર્યવાહી કરવાનો નિર્દેશ આપી શકે નહીં.

૧૦. વિદ્વાન એડવોકેટ શ્રી ઉમેશ ત્રિવેદીએ રજૂઆત કરી કે જ્યારે જાહેર સેવક હોય તેવા આરોપી સામે કરપ્શન એક્ટની જોગવાઈઓ હેઠળ આક્ષેપ કરવામાં આવે છે, ત્યારે જાહેર સેવક દ્વારા કરવામાં આવેલી માંગણી પ્રાથમિક દર્શનીય રીતે સ્થાપિત કરવી જરૂરી છે. તેમણે એવું પણ રજૂઆત કરી કે જ્યારે માંગણી સ્થાપિત થતી નથી, ત્યારે કોઈ કેસ સ્થાપિત થઈ શકતો નથી. તેમણે એવું પણ રજૂઆત કરી કે સમયમર્યાદામાં રિકવરી પણ વ્યાજબી સમયગાળાથી પર સ્થાપિત કરવી જરૂરી છે અને તો જ સો-કોલ્ડ આરોપીને દોષિત ઠેરવી શકાય. અહીં બનાવના સમયે, માંગણી સહ-આરોપી એટલે કે સચિન પટેલ દ્વારા કરવામાં આવી હતી અને હાલના અરજદાર દ્વારા નહીં. તેમણે એવું પણ રજૂઆત

કરી કે ફરિયાદ મુજબ, ફરિયાદીને ધ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજરની કલમ ૧૫૧ ની જોગવાઈઓ હેઠળ કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો અને તેને રજૂ કરવામાં આવ્યો તે પહેલાં તેણે અદાલત સમક્ષ કોઈ ફરિયાદ કરી ન હતી.

૧૧. ઉપરોક્ત રજૂઆતોને ધ્યાનમાં રાખીને, વિદ્વાન એડવોકેટ શ્રી ઉમેશ ત્રિવેદીએ ટ્રાયલ કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલ વાદગ્રસ્ત હુકમને રદ અને સેટ એસાઇડ કરીને હાલની અરજી મંજૂર કરવા અરજ કરી.

૧૨. સામાવાળા – રાજ્ય તરફથી ઉપસ્થિત રહેલા લર્નેડ પબ્લિક પ્રોસિક્યુટર શ્રી મિતેશ અમિને જણાવ્યું કે રાજ્યે સેશન્સ કોર્ટ દ્વારા પસાર કરાયેલા વાદગ્રસ્ત હુકમને પડકાર્યો નથી. નિઃશંકપણે, તેઓ સંમત થાય છે કે વિવિધ નિર્ણયોમાં નામદાર સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતો દ્વારા સ્થાપિત કાયદા મુજબ, માન્ય મંજૂરીના અભાવે, જો અદાલત દ્વારા સંજ્ઞાન લેવામાં આવે તો તે કાયદાની દ્રષ્ટિએ ગેરકાયદેસર છે.

૧૩. મૂળ ફરિયાદી તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન એડવોકેટ શ્રી સમીર ખાને રિવિઝન અરજીનો સખત વિરોધ કર્યો હતો અને ટ્રાયલ કોર્ટ દ્વારા પસાર કરાયેલા વાદગ્રસ્ત હુકમને સમર્થન આપ્યું હતું અને રજૂઆત કરી હતી કે લર્નેડ સ્પેશિયલ જજ દ્વારા સંજ્ઞાન લેવાના સદર હુકમને પડકારવાનો હાલના અરજદારને કોઈ

અધિકાર (લોકસ) નથી અને ધ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજરની કલમ ૧૬૯ અથવા ૧૭૩ હેઠળ રિપોર્ટ ફાઇલ કરતી વખતે લર્નડ સ્પેશિયલ જજે મૂળ આરોપીને સાંભળવાની તક આપવી જરૂરી નથી. તેમણે લર્નડ સ્પેશિયલ જજ દ્વારા પસાર કરાયેલ હુકમ વાંચ્યો અને રજૂઆત કરી કે અગાઉ, આ અદાલત સમક્ષ ક્રિમિનલ રિવિઝન અરજી નં.૪૧૭/૨૦૦૬ દાખલ કરવામાં આવી હતી અને તે તારીખ ૧૭.૮.૨૦૧૧ ના હુકમથી રિમાન્ડ બેક કરવામાં આવી હતી. તેમણે એવું પણ રજૂઆત કરી કે ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની જોગવાઈઓ હેઠળ, લર્નડ સ્પેશિયલ જજ ધ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજરની કલમ ૧૯૦(બી) હેઠળ અને ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની કલમ ૫ હેઠળ પણ ગુનાનું સંજ્ઞાન લેવા હકદાર છે. વિદ્વાન એડવોકેટ દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે જ્યાં સુધી સંજ્ઞાન લેવામાં ન આવે ત્યાં સુધી આરોપીને કોઈ અધિકાર નથી. તેથી, હાલના અરજદારનું વર્તન યોગ્ય નથી કારણ કે ગમે તે હોય, જો તેઓ પ્રોસેસના હુકમથી નારાજ હોય, તો તેઓ ધ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજરની કલમ ૨૨૮ હેઠળ તેહમતનામું ફરમાવતા પહેલાં કલમ ૨૨૭ હેઠળ ડિસ્ચાર્જ માટે અરજી ફાઇલ કરી શક્યા હોત. આ રજૂઆતને ધ્યાનમાં રાખીને, હાલની રિવિઝન અરજી ટકવા પાત્ર નથી. તેમણે એવું પણ રજૂઆત કરી કે આવા ગુનાના આચરણમાં, અરજદારે સહ-આરોપી – સચિન પટેલની મદદથી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે અને તેથી, એવું કહી શકાય કે માંગણી સારી રીતે સાબિત થાય છે. તેમણે એવું પણ રજૂઆત કરી કે ૨૦૦૪ થી, એફ.આઈ.આર. અને રેડ

સફળતાપૂર્વક કરવામાં આવી હોવા છતાં, કોઈને કોઈ કારણોસર, આ બાબત અત્યાર સુધી લંબાઈ અને અત્યાર સુધી ૧૩ વર્ષ વીતી ગયા છે, આજ દિન સુધી સદર અધિકારી સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. તેમણે એવું પણ રજૂઆત કરી કે જ્યારે આરોપી સામે પ્રાથમિક દર્શનીય કેસ હોય, ત્યારે તપાસ કરનારી એજન્સીએ تمام પુરાવાઓની ઉપેક્ષા કરીને, હાલના અરજદાર સામે સમરી ફાઇલ કરી છે.

૧૪. વિદ્વાન એડવોકેટ શ્રી સમીર ખાને (૨૦૧૬) ૨ સુપ્રીમ કોર્ટ કેસીસ ૧૪૩ માં રિપોર્ટ થયેલ એન.કે. ગાંગુલી વિ. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન, નવી દિલ્હી ના કેસ પર આધાર રાખ્યો હતો અને જણાવ્યું હતું કે હાલની રિવિઝન ટકવા પાત્ર નથી.

૧૫. વિદ્વાન એડવોકેટ શ્રી સમીર ખાને રજૂઆત કરી કે રિવિઝન ટકવા પાત્ર નથી અને તેથી, લર્નડ ટ્રાયલ જજે અરજદાર સામે સમન્સ ઇશ્યૂ કરેલ હોવાથી તેને ફગાવી દેવી જરૂરી છે.

૧૬. કેસના રેકોર્ડની તપાસ કરી અને સંબંધિત પક્ષકારોના વિદ્વાન એડવોકેટો દ્વારા કરવામાં આવેલી રજૂઆતો પર વિચારણા કરી. અહીં, હાલના કેસમાં, ગુનો

ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટને લગતો છે અને ફરિયાદ મુજબ, આરોપીએ લાંચની માંગણી કરી હતી. એ પણ નોંધવું જરૂરી છે કે આરોપી એક જાહેર સેવક છે. એ પણ નોંધવું મહત્વપૂર્ણ છે કે લર્નડ સ્પેશિયલ જજે “એ” સમરી રિપોર્ટ રદ કરવાનો હુકમ કર્યો છે અને ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની કલમ ૭, ૧૨, ૧૩(૧)(ડી), ૧, ૨, ૩ અને ૧૩(૨) હેઠળના ગુના સંબંધમાં અરજદાર સામે સમન્સ ઇશ્યૂ કરેલ છે તેમજ સેશન્સ કોર્ટની રજિસ્ટ્રીને એ.સી.બી. સ્પેશિયલ સેશન્સ કેસ તરીકે કેસ નોંધવા નિર્દેશ પણ આપ્યો છે.

૧૭. અહીં આ કેસમાં, જાહેર સેવક સામે કાર્યવાહી કરવાની મંજૂરીનો મુદ્દો મહત્વનો છે અને તેથી, આ અદાલતે ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની કલમ ૧૯ ની જોગવાઈઓની તપાસ કરી છે. એ વાત સાચી છે કે જાહેર સેવક સામે કાર્યવાહી કરવા માટે, સક્ષમ સત્તાધિકારી પાસેથી મંજૂરી જરૂરી છે અને કલમ ૧૯ ની જોગવાઈઓ મુજબ, કોઈ પણ અદાલત જાહેર સેવક દ્વારા ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની જોગવાઈ હેઠળ આચરવામાં આવેલ ગુનાનું સંજ્ઞાન લેશે નહીં.

૧૮. આ અદાલતે તારીખ ૨૩.૫.૨૦૦૫ ના રોજનો એ.સી.બી. ઓફિસ દ્વારા ઇશ્યૂ કરાયેલ પત્ર તપાસ્યો છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે અરજદાર સામે કોઈ સીધો પુરાવો નથી અને તેની સામે કોઈ ખાતાકીય તપાસ કરવાની પણ જરૂર નથી. તેની સામે પ્રોસિક્યુશન કરવા માટે અરજદાર સામે મંજૂર થયેલી

મંજૂરી અંગે કોઈ પુરાવાનો અંશ નથી. એવું જણાય છે કે હાલના અરજદારે સદર રકમ સ્વીકારી હોવાનું રેકોર્ડ પર આવ્યું નથી પરંતુ ફરિયાદમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે હાલના અરજદારે અન્ય એક આરોપી એટલે કે સચિન પટેલ સાથે મળીને લાંચની માંગણી કરી હતી. તે પુરાવાનો વિષય છે અને આ અદાલત કેસના ગુણદોષમાં જવા ઈચ્છતી નથી. અહીં આ અદાલત સમક્ષ માત્ર એ જ પ્રશ્ન ઉપસ્થિત થયો છે કે કથિત ગુના માટે અરજદાર સામે ઈશ્યૂ કરાયેલ પ્રશ્નવાળું સમન્સ, જે કાયદા હેઠળ પરવાનગી પાત્ર છે કે કેમ. આ અદાલતે ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની કલમ ૧૯ ની જોગવાઈઓ તપાસી છે, જે નીચે મુજબ વંચાય છે:

> **"૧૯. પ્રોસિક્યુશન માટે પૂર્વ મંજૂરી જરૂરી :-** (૧) જાહેર સેવક દ્વારા કરવામાં આવેલ આક્ષેપિત કલમ ૭, ૧૦, ૧૧, ૧૩ અને ૧૫ હેઠળ શિક્ષાપાત્ર ગુનાનું કોઈ પણ અદાલત પૂર્વ મંજૂરી વિના સંજ્ઞાન લેશે નહીં, -
>
> (એ) કેન્દ્ર સરકારના કાર્યોના સંબંધમાં રોજગારી મેળવનાર અને કેન્દ્ર સરકારની મંજૂરીથી અથવા તેના વિના પોતાના હોદ્દા પરથી દૂર કરી શકાય તેમ ન હોય તેવી વ્યક્તિના કિસ્સામાં, તે સરકારની;
>
> (બી) રાજ્ય સરકારના કાર્યોના સંબંધમાં રોજગારી મેળવનાર અને રાજ્ય સરકારની મંજૂરીથી અથવા તેના વિના પોતાના હોદ્દા પરથી દૂર કરી શકાય તેમ ન હોય તેવી વ્યક્તિના કિસ્સામાં, તે સરકારની;
>
> (સી) અન્ય કોઈ પણ વ્યક્તિના કિસ્સામાં, તેને પોતાના હોદ્દા પરથી દૂર કરવા માટે સક્ષમ સત્તાધિકારીની.

(૨) જ્યાં ગમે તે કારણસર કોઈ શંકા ઊભી થાય કે સબ–સેક્શન (૧) હેઠળ જરૂરિયાત મુજબની પૂર્વ મંજૂરી કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર કે અન્ય કોઈ સત્તાધિકારી દ્વારા આપવી જોઈએ, તો આવી મંજૂરી તે સરકાર કે સત્તાધિકારી દ્વારા આપવામાં આવશે કે જે ગુનો આચરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો તે સમયે જાહેર સેવકને તેના હોદ્દા પરથી દૂર કરવા માટે સક્ષમ હોત.

## (૩) ધ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર, ૧૯૭૩ (૧૯૭૪ નો ૨) માં કંઈ પણ સમાવિષ્ટ હોવા છતાં :

(એ) સબ–સેક્શન (૧) હેઠળ જરૂરી મંજૂરીમાં ગેરહાજરી, અથવા કોઈ ભૂલ, લોપ કે અનિયમિતતાના કારણોસર અપીલ, કન્ફર્મેશન કે રિવિઝનમાં અદાલત દ્વારા સ્પેશિયલ જજ દ્વારા પસાર કરાયેલ કોઈ તારણ, સજા કે હુકમ ઉલટાવી શકાશે નહીં કે બદલી શકાશે નહીં, સિવાય કે તે અદાલતના અભિપ્રાયમાં, તેનાથી વાસ્તવમાં ન્યાયનો નિષ્ફળતા પરિણમી હોય;

(બી) સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ મંજૂરીમાં કોઈ ભૂલ, લોપ કે અનિયમિતતાના કારણોસર કોઈ અદાલત આ અધિનિયમ હેઠળની કાર્યવાહી અટકાવશે નહીં, સિવાય કે તેને સંતોષ થાય કે આવી ભૂલ, લોપ કે અનિયમિતતાના પરિણામે ન્યાયની નિષ્ફળતા પરિણમી છે;

(સી) કોઈ અદાલત અન્ય કોઈ ગ્રાઉન્ડ પર આ અધિનિયમ હેઠળની કાર્યવાહી અટકાવશે નહીં અને કોઈ અદાલત કોઈ તપાસ, ટ્રાયલ, અપીલ કે અન્ય કાર્યવાહીમાં પસાર કરાયેલા કોઈ વચગાળાના હુકમના સંબંધમાં રિવિઝનની સત્તાઓનો ઉપયોગ કરશે નહીં.

(૪) સબ–સેક્શન (૩) નક્કી કરતી વખતે કે આવી મંજૂરીમાં ગેરહાજરી, અથવા કોઈ ભૂલ, લોપ કે અનિયમિતતાના કારણે ન્યાયની નિષ્ફળતા પરિણમી છે કે કેમ, અદાલતે એ હકીકતને ધ્યાનમાં લેવી પડશે કે કાર્યવાહીમાં કોઈ અગાઉના તબક્કે વાંધો ઉઠાવી શકાયો હોત અને ઉઠાવવો જોઈતો હતો કે કેમ.

૧૯. જો કોઈ ગુનાનું સંજ્ઞાન લેવાની સામાન્ય સત્તા અદાલતમાં નિહિત હોય, તો કાયદાની કોઈ જોગવાઈ દ્વારા તે સત્તાના ઉપયોગ પરનો કોઈ પણ પ્રતિબંધ, મનાઈની શરતો સુધી મર્યાદિત હોવો જોઈએ. અદાલત પ્રાથમિક રીતે એ જોવા માટે ચિંતિત છે કે મનાઈ હેઠળ આવરી લેવાયેલા કેસોમાં ગુનાઓ માટેનું પ્રોસિક્યુશન, તેમાં સમાવિષ્ટ તે શરતનું પાલન કર્યા વિના શરૂ થશે નહીં, જેમ કે જાહેર સેવકના કિસ્સામાં સક્ષમ સત્તાધિકારીની પૂર્વ મંજૂરી અને અન્ય કોઈ પણ કિસ્સામાં પ્રોસિક્યુશન માટેના પક્ષકાર અથવા રસ ધરાવતા પક્ષકાર અથવા ગુનાથી નારાજ પક્ષકારની સંમતિ સાથે.

૨૦. તેથી, આ જ કારણોસર વાદગ્રસ્ત હુકમ રદ અને સેટ એસાઇડ કરવો જરૂરી છે, કારણ કે જાહેર સેવક સામે કાર્યવાહી કરવાની મંજૂરીના અભાવે, લર્નેડ ટ્રાયલ જજ પાસે ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટના ગુના સુધી તેની સામે કાર્યવાહી કરવાની કોઈ સત્તા નથી. ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ હેઠળના ગુનાને લગતા ઘણા કેસોમાં, વિવિધ અદાલતોએ સક્ષમ સત્તાધિકારી પાસેથી મંજૂરીના મહત્વપૂર્ણ પાસાના અભાવે, જાહેર સેવક હોય તેવા આરોપીની દોષમુક્તિના દ્રષ્ટિકોણ પર વિચાર કર્યો છે. હાલના કેસની હકીકતોમાં, એ એક સ્વીકાર્ય હકીકત છે કે સદર અધિનિયમની જોગવાઈઓ હેઠળ પરિકલ્પના કર્યા મુજબની કોઈ મંજૂરી મેળવવામાં આવી નથી. આ સંજોગોમાં, લર્નેડ ટ્રાયલ જજ માટે ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની કલમ ૭, ૧૨, ૧૩(૧), (ડી), ૧, ૨, ૩

અને ૧૩(૨) હેઠળના ગુનાનું સંજ્ઞાન લેવું પરવાનગી પાત્ર ન હતું. પૂર્વ મંજૂરી વિના સંજ્ઞાન લેવું એ સદર અધિનિયમની કલમ ૧૯ હેઠળ સ્પષ્ટપણે પ્રતિબંધિત છે.

૨૧. આ અદાલતે વિદ્વાન એડવોકેટ શ્રી ઉમેશ ત્રિવેદી દ્વારા રજૂ કરવામાં આવેલ અને આ અદાલત દ્વારા આપવામાં આવેલ નિર્ણય ગૌરીશંકર પુરુષોત્તમદાસ જોશી (સુપ્રા) અને મનોજભાઈ ભગવાનદાસ શાહ (સુપ્રા) ના કેસોની પણ બારીકાઈથી તપાસ કરી છે, જેમાં આ અદાલતે આરોપી સામે પ્રોસિક્યુશન કરવા માટેની મંજૂરીના અભાવે આરોપી સામે સમન્સ ઇશ્યૂ કરતા હુકમને રદ અને સેટ એસાઇડ કરેલ છે. આ અદાલતે અનિલ કુમાર (સુપ્રા) અને એલ. નારાયણ સ્વામી (સુપ્રા) ના કેસોમાં આપવામાં આવેલ નિર્ણયો પણ ચકાસ્યા છે અને બંને નિર્ણયો મંજૂરીના મુદ્દા પર જ છે.

૨૨. રિવિઝન અરજીની ટકવા પાત્રતા (મેઇન્ટેનેબિલિટી) નો સંબંધ છે ત્યાં સુધી, આ અદાલતે (૨૦૧૩) ૧૫ સુપ્રીમ કોર્ટ કેસીસ ૬૨૪ માં રિપોર્ટ થયેલ ઊર્મિલા દેવી વિ. યુધવીર સિંહ નો કેસ પણ ચકાસ્યો છે, ખાસ કરીને પેરા ૨૧ થી ૨૩, જે નીચે મુજબ છે:

> "૨૧. રાજેન્દ્ર કુમાર સીતારામ પાંડે (સુપ્રા) ના નિર્ણય તેમજ કે.કે. પટેલ (સુપ્રા) ના નિર્ણય સાથે સમાપ્ત થતા આ અદાલત

દ્વારા અસંખ્ય નિર્ણયોમાં જણાવવામાં આવેલ સ્પષ્ટ સ્થિતિને ધ્યાનમાં રાખીને, કાનૂની પરિસ્થિતિ નીચે મુજબ જણાવવી અને જાહેર કરવી યોગ્ય રહેશે:

૨૧.૧ સી.આર.પી.સી. ની કલમ ૨૦૦ થી ૨૦૪ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરીને આરોપીને સમન્સ કરવાનો નિર્ણય લેતો મેજિસ્ટ્રેટ દ્વારા પસાર કરાયેલ હુકમ મધ્યવર્તી (ઇન્ટરમીડિયેટરી) અથવા અર્ધ–આખરી (ક્વાસી–ફાઇનલ) સ્વરૂપનો ગણાશે અને અંતરવર્તી (ઇન્ટરલોક્યુટરી) સ્વરૂપનો રહેશે નહીં.

૨૧.૨ સદર પરિસ્થિતિ મુજબ, આવો હુકમ મધ્યવર્તી હુકમ કે અર્ધ–આખરી હુકમ હોવાથી, કલમ ૩૯૭ હેઠળ આપવામાં આવેલ રિવિઝનલ હકુમતનો ઉપયોગ નારાજ પક્ષકાર દ્વારા ડિસ્ટ્રિક્ટ કોર્ટ અથવા હાઈકોર્ટ સમક્ષ કરી શકાય છે.

૨૧.૩ સી.આર.પી.સી. ની કલમ ૨૦૦ થી ૨૦૪ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરીને આરોપીને પ્રોસેસ કે સમન્સ ઇશ્યૂ કરવાનો નિર્ણય લેતો મેજિસ્ટ્રેટનો આવો હુકમ, સી.આર.પી.સી. ની કલમ ૪૮૨ હેઠળ હાઇકોર્ટની અંતર્નિહિત (ઇનહરન્ટ) હકુમત હેઠળ હંમેશા પડકારી શકાય છે.

૨૨. જ્યારે આપણે કાનૂની સ્થિતિ કોઈપણ અસ્પષ્ટતા વિના જાહેર કરીએ છીએ, ત્યારે આપણે કેટલાક પછીના નિર્ણયોનો સંદર્ભ આપીને આપણા ઉપરોક્ત નિષ્કર્ષને સમર્થન આપવા માગીએ છીએ. (૨૦૧૨) ૧૧ એસસીસી ૨૫૨ માં રિપોર્ટ થયેલ આ અદાલતના તાજેતરના નિર્ણય ઓમ કુમાર ધાનકર વિ. સ્ટેટ ઓફ હરિયાણા અને અન્ય માં, મધુ લિમયે (સુપ્રા), વી.સી. શુક્લા (સુપ્રા), કે.એમ. મેથ્યુ (સુપ્રા), (૨૦૦૬) ૧ એસસીસી ૫૫૭ માં રિપોર્ટ થયેલ રાકેશ કુમાર મિશ્રા વિ. સ્ટેટ ઓફ બિહાર અને અન્ય ના કેસો, જે રાજેન્દ્ર કુમાર સીતારામ પાંડે (સુપ્રા) થી સમાપ્ત થાય છે, તેના પર વિચારણા કરવામાં આવી હતી અને રાજેન્દ્ર કુમાર સીતારામ પાંડેના ચુકાદાના પેરા ૬ નો ચોક્કસ સંદર્ભ આપીને, આ અદાલતે પેરા ૧૦ માં નીચે મુજબ ઠરાવ્યું છે:

"૧૦. ઉપરોક્ત કાનૂની સ્થિતિને ધ્યાનમાં રાખીને, આપણે ઠરાવીએ છીએ કે સમન્સ ઇશ્યૂ કરવાના મેજિસ્ટ્રેટના હુકમને પડકારવામાં સામાવાળા નં.૨ માટે સી.આર.પી.સી. ની કલમ ૩૯૭ હેઠળની રિવિઝનલ હકુમત ઉપલબ્ધ હતી. પ્રથમ પ્રશ્નનો જવાબ તદનુસાર અરજદારની વિરુદ્ધમાં આપવામાં આવે છે."

૨૩. તેથી, હવે પરિસ્થિતિ એ હદે સ્પષ્ટ થઈ ગઈ છે કે સમન્સ ઇશ્યૂ કરવાનો નિર્દેશ આપતા મેજિસ્ટ્રેટના હુકમને પડકારવામાં નારાજ પક્ષકાર માટે સી.આર.પી.સી. ની કલમ ૩૯૭ હેઠળની રિવિઝનલ હકુમત ઉપલબ્ધ છે. આ અદાલતે ઊર્મિલા દેવી (સુપ્રા) ના કેસમાં નિર્ણય ચકાસ્યો છે અને એવું જણાય છે કે મંજૂરીના અભાવે, જાહેર સેવક સામે પ્રોસિક્યુશન કરવા માટે તેને સમન્સ કરી શકાય નહીં. નિઃશંકપણે, સદર કેસમાં એવું અવલોકન કરવામાં આવ્યું છે કે ફોજદારી કાર્યરીતિ સંહિતા (સી.આર.પી.સી.) ની કલમ ૨૦૦ થી ૨૦૪ હેઠળ પોતાની સત્તાઓનો ઉપયોગ કરીને આરોપીને પ્રોસેસ કે સમન્સ ઇશ્યૂ કરવાનો નિર્ણય લેતો મેજિસ્ટ્રેટ દ્વારા પસાર કરાયેલ હુકમ, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૪૮૨ હેઠળ હાઇકોર્ટની અંતર્નિહિત હકુમત હેઠળ હંમેશા પડકારી શકાય છે. તેથી, ઉપર ટાંકવામાં આવેલા કેસના અવલોકન મુજબ વર્તમાન રિવિઝન અરજી કાયદાની દ્રષ્ટિએ ટકવા પાત્ર છે.

૨૪. આ અદાલતે શ્રી ખાન દ્વારા આધાર રાખવામાં આવેલ એન.કે. ગાંગુલી (સુપ્રા) નો કેસ પણ ચકાસ્યો છે. સદર નિર્ણયની માત્ર તપાસ પરથી જણાય છે

કે તે કેસમાં પણ, નામદાર સર્વોચ્ચ અદાલતે સક્ષમ સત્તાધિકારી પાસેથી પૂર્વ મંજૂરી મેળવેલ ન હોવાના અભાવે નીચલી અદાલતની કાર્યવાહી રદ કરી હતી અને તેથી, તે હાલના કેસ માટે મદદરૂપ નથી. જો તે લાગુ પડતો હોય, તો પણ જાહેર સેવક સામે પ્રોસિક્યુશન ચલાવતા પહેલા મંજૂરી મેળવવી ફરજિયાત છે.

૨૫. આ અદાલતે પંચનામું પણ ચકાસ્યું છે અને એવું માની લેવામાં આવે છે કે ટ્રેપ દરમિયાન, સો–કોલ્ડ રકમ સદર સચિન પટેલ દ્વારા માંગવામાં આવી હતી અને તેના દ્વારા સ્વીકારવામાં આવી હતી. પરંતુ જ્યાં સુધી હાલના અરજદારની ભૂમિકાનો સવાલ છે, હાલના અરજદાર સામે સીધું કંઈ પણ સામે આવતું નથી. જોકે તે પુરાવાનો વિષય છે અને તેથી આ અદાલત કેસના સંપૂર્ણ ગુણદોષમાં જવા ઈચ્છતી નથી અને ટ્રાયલ દરમિયાન, ટ્રાયલ કોર્ટ કથિત ગુનામાં હાલના અરજદારની સંડોવણીના મુદ્દા પર વિચાર કરી શકે છે.

૨૬. ઉપરોક્ત પરિસ્થિતિ તેમજ આ અદાલત અને નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા આપવામાં આવેલા નિર્ણયોમાં ઠરાવ્યા મુજબના કાયદાની સ્થાપિત સ્થિતિને ધ્યાનમાં રાખીને અને એ હકીકતને ધ્યાનમાં રાખીને કે આ તબક્કે, સક્ષમ સત્તાધિકારી દ્વારા ઇશ્યૂ કરાયેલ કોઈ મંજૂરી નથી અને અરજદાર સામે કોઈ ખાતાકીય કાર્યવાહી શરૂ કરવામાં આવી નથી, આ અદાલતનો એવો અભિપ્રાય છે કે વિદ્વાન સેશન્સ જજ દ્વારા પૂર્વ મંજૂરી વિના, જ્યાં સુધી ધ પ્રિવેન્શન ઓફ

કરપ્શન એક્ટને લગતા ગુનાઓનો સંબંધ છે ત્યાં સુધી, વાદગ્રસ્ત હુકમ મારફતે લેવામાં આવેલ સંજ્ઞાન રદ અને સેટ એસાઇડ કરવા પાત્ર છે.

૨૭. આથી, લર્નેડ એડિશનલ સેશન્સ જજ અને સ્પેશિયલ જજ, સિટી સિવિલ કોર્ટ નં.૧૩, અમદાવાદ સિટી દ્વારા એ.સી.બી. સી.આર. નં.૧૮/૨૦૦૪/એ.સી.બી. સમરી કેસ નં.૨/૨૦૦૫ માં તારીખ ૧૨.૯.૨૦૧૬ ના રોજ પસાર કરવામાં આવેલ હુકમ આથી રદ અને સેટ એસાઇડ કરવામાં આવે છે.

૨૮. હાલની ક્રિમિનલ રિવિઝન અરજી મંજૂર કરવામાં આવે છે. ઉપરોક્ત હદ સુધી રૂલ આખરી કરવામાં આવે છે.

**(ઝેડ. કે. સૈયદ, ન્યાયમૂર્તી)**

**વિશેષ હુકમ:**

આ ચુકાદો અને હુકમ જાહેર કર્યા પછી, વિદ્વાન એડવોકેટ શ્રી સમીર ખાને અમુક સમયગાળા માટે આ હુકમ પર સ્ટે આપવા વિનંતી કરી.

કેસની હકીકતો અને સંજોગોને ધ્યાનમાં રાખીને અને આ અદાલતે અરજીની ટકવા પાત્રતાના પાસાઓ તેમજ ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની જોગવાઈઓ પર અગાઉથી જ વિચારણા કરી લીધી હોવાથી, સ્ટે માટેની વિનંતી પર વિચાર કરવાની જરૂર નથી. વિનંતી ફગાવી દેવામાં આવે છે.

**(ઝેડ.કે.સૈયદ, ન્યાયમૂર્તી)**

==============================================================

**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.